# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-11-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Saturday** **National News**

આકાશવાણી સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

*****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી પાંચ દિવસની નાઈજીરીયા, બ્રાઝીલ અને ગયાનાની મુલાકાતે જવા રવાના થયા છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, ભારતને વિકસિત દેશ બનાવવો એ તેમની સરકારનું મુખ્ય ધ્યેય છે.
- ચૂંટણી પંચે મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભાના ચૂંટણી પ્રચાર દરમિયાન આદર્શ આચારસંહિતાના ભંગ બદલ ભાજપ અને કોંગ્રેસને નોટિસ પાઠવી છે.
- મહારાષ્ટ્રમાં ચાલી રહેલાં વિવિધ રેલવે પ્રોજેક્ટોમાં અત્યાર સુધી એક લાખ, 64 હજાર, 605 કરોડ રૂપિયાનું મૂડીરોકાણ થયું છે.
- છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાં સલામતી દળોએ કરેલી કાર્યવાહીમાં પાંચ માઓવાદીઓ ઠાર થયા છે.
- બિહારમાં ચાલી રહેલી મહિલા એશિયન હોકી સ્પર્ધામાં ભારતે આજે ચીનને 3-0 થી પરાજ્ય આપ્યો છે.

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-THREE NATION DEPARTURE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી પાંચ દિવસની નાઈજીરીયા, બ્રાઝીલ અને ગયાનાની મુલાકાતે જવા રવાના થયા છે. પ્રવાસે જતા પહેલાં શ્રી મોદીએ કહ્યું કે, તેમની આ મુલાકાતથી પશ્ચિમ આફ્રિકાના ભારતના મહત્વના ભાગીદાર દેશ સાથેની વ્યૂહાત્મક ભાગીદાર મજબૂત બનાવવાની તક ઊભી થઈ છે. તેમણે નાઇજીરીયામાં વસતા ભારતીયોને મળવા ઉત્સુક હોવાનું જણાવ્યું છે.

શ્રી મોદી 18મી નવેમ્બરે બ્રાઝીલના રિયો ડી જાનેરોમાં આયોજિત G20 શિખર બેઠકમાં ભાગ લેશે. જેમાં શ્રી મોદી વિવિધ વૈશ્વિક મુદ્દાઓ પર ભારતનો પક્ષ રજૂ કરશે. આ બેઠકમાં એક પૃથ્વી એક કુટુંબ વિષય વસ્તુ ઉપર ફળદાયી ચર્ચા થવાની સંભાવના વ્યક્ત કરી છે.

પ્રધાનમંત્રી ત્રણ દેશોની મુલાકાતના પ્રથમ તબક્કામા નાઈજીરીયા જશે. નાઈજીરિયામાં તેઓ એ દેશના ટોચના નેતૃત્વ સાથે વાતચીત કરશે. તેઓ નાઈજીરીયામાં ભારતીય સમુદાયના એક સંમેલનમાં અને ત્યાંની સંસદમાં સંબોધન કરશે.

# FUR. REV. PM-SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, ભારતને વિકસિત દેશ બનાવવો એ તેમની સરકારનું મુખ્ય ધ્યેય છે. મીડિયા સંસ્થા દ્વારા યોજાયેલી એક બેઠકમાં બોલતાં તેમણે કહ્યું કે, તેમની સરકાર લોકોનો અને લોકો થકી દેશના વિકાસના મંત્ર સાથે કામ કરી રહી છે. તેમની સરકારે રોજગાર અને વિકાસ માટેના મૂડીરોકાણની મદદથી દેશના વિકાસનું મોડેલ અપનાવ્યું છે. આના પરિણામે દેશ અને દેશના નાગરિકોનું ગૌરવ વધશે.

આસામમાં બોડો સમુદાય સાથેની શાંતિ સંધિના લીધે ત્યાંના નાગરિકોના જીવનમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. વિકાસના મંત્ર સાથે આગળ વધતી સરકારે કેન્દ્રીય બજેટનું કદ વધારીને 48 લાખ કરોડ રૂપિયા કર્યું છે. વર્ષ 2014માં બજેટનું કદ આશરે 16 લાખ કરોડ રૂપિયા હતું.

આજે દેશમાં ઉદ્યોગોને અનૂકુળ નીતિઓના કારણે દેશમાં સવા લાખ જેટલાં સ્ટાર્ટઅપ નોંધાયા છે. જેના દ્વારા યુવાનો દેશના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યા છે.

# PM-MAHA INTERACTION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સમાજના દરેક વર્ગના લોકોને અધિકાર સંપન્ન બનાવવા મહારાષ્ટ્રની મહાયુતિની સરકારે કરેલી કામગીરીની પ્રશંસા કરી છે. આજે મેરા બુથ સબસે મજબૂત કાર્યક્રમ હેઠળ મહારાષ્ટ્રના ભાજપના કાર્યકરો સાથે સંવાદ કરતાં તેમણે આ મુજબ જણાવ્યું હતું.

પક્ષના કાર્યકરો છેલ્લાં ઘણા સમયથી અથાક પરિશ્રમ કરી રહ્યા છે તે માટે પ્રધાનમંત્રીએ તેમની પ્રશંસા કરી હતી. ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં આગામી 20મી નવેમ્બરે મતદાન થશે અને 23મી એ મતગણતરી હાથ ધરાશે.

# EC CONG BJP NOTICES

ચૂંટણી પંચે મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભાના ચૂંટણી પ્રચાર દરમિયાન આદર્શ આચારસંહિતાના ભંગ બદલ મળેલી ફરિયાદોના આધારે ભાજપ અને કોંગ્રેસને નોટિસ પાઠવી છે.

ચૂંટણી પંચે ભાજપના અધ્યક્ષ જે.પી. નડ્ડા અને કોંગ્રેસ અધ્યક્ષ મલિક્કાર્જુન ખડગેને અલગ અલગ નોટિસો પાઠવી છે. ચૂંટણી પંચે બંને પક્ષોને આ સોમવારે બપોરના એક વાગ્યા સુધીમાં વિધિવત પ્રતિભાવો આપવાનો બંને પક્ષોને નિર્દેશ આપ્યો છે.

ચૂંટણી પંચે આ વર્ષના મે મહિનામાં યોજાયેલી લોકસભાની ચૂંટણી દરમિયાન પ્રચારકો માટે જારી કરાયેલી સૂચનાઓ તેમજ આદર્શ આચારસંહિતાનું સંપૂર્ણ પાલન કરવાનો પણ નિર્દેશ આપ્યો છે.

# REV.-EVE.-JHARKHAND-CAMPAIGNING

ઝારખંડ વિધાનસભાની આગામી 20મી નવેમ્બરે યોજાનારી બીજા તબક્કાની ચૂંટણી માટેનો પ્રચાર વેગવાન બન્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે ઝારખંડની હેમંત સોરેન સરકાર આદિજાતિ સમુદાયના વિકાસ માટે પૂરતું ભંડોળ નહીં ફાળવતી હોવાનો આક્ષેપ કર્યો છે. તેઓ આજે દુમકા, દેવઘર અને ગીરીધમાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે.

ઝારખંડ વિધાનસભા ચૂંટણીમાં ભાજપના સહપ્રભારી હેમંત બિસ્વા સરમાએ હેમંત સોરેન સામે અસત્ય વચનો આપતાં હોવાનો આક્ષેપ કર્યો છે.

કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે જામતારા અને ખીરજી ખાતે ચૂંટણી સભામાં ઝારખંડના વિકાસ માટે કેન્દ્ર સરકાર પૂરતું ભંડોળ નહીં ફાળવતી હોવાનો આક્ષેપ કર્યો છે.

JMM ના નેતા અને મુખ્યમંત્રી હેમંત સોરેને વિધાનસભાની ચૂંટણીના સમયગાળામાં કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રીય સંસ્થાઓનો દુરૂપયોગ થતો હોવાનો આક્ષેપ કર્યો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# CHHATTISGARH-MAOISTS ENCOUNTER

છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાં સલામતી દળોએ કરેલી કાર્યવાહીમાં પાંચ માઓવાદીઓ ઠાર થયા છે. સરહદ સલામતી દળ, ખાસ કાર્યદળ અને જિલ્લા અનામત દળના જવાનોએ અગાઉ મળેલી બાતમીના આધારે આ કાર્યવાહી કરી હતી.

સલામતી દળના જવાનોને ઘટના સ્થળેથી માઓવાદીઓના મૃતદેહો ઉપરાંત મોટી સંખ્યામાં શસ્ત્રો મળી આવ્યા છે. આ અથડામણમાં સલામતી દળના બે જવાનોને ઇજા થઈ છે.

# IITF-TEXTILE

નવી દિલ્હીમાં યોજાઈ રહેલાં ભારત આંતરરાષ્ટ્રીય વ્યાપાર મેળો - IITF માં જનજાતિય વિષય વસ્તુ સાથેના કાપડ મંત્રાલયના પેવેલિયનનો આરંભ થયો છે. કેન્દ્રીય કાપડમંત્રી  ગિરિરાજસિંહે તેનું આજે ઉદઘાટન કર્યું હતું.

આ પ્રસંગે તેમને કહ્યું કે, આ પેવેલિયન દ્વારા દેશના હસ્તકલા ક્ષેત્રના કલા કસબીઓને નવો મંચ મળી રહેશે.

# REV MUMBAI- VAISHNAAWA

મહારાષ્ટ્રમાં ચાલી રહેલાં વિવિધ રેલવે પ્રોજેક્ટોમાં અત્યાર સુધી એક લાખ, 64 હજાર, 605 કરોડ રૂપિયાનું મૂડીરોકાણ થયું છે. એવી જ રીતે રાજ્યમાં છ હજાર કિલોમીટરની લંબાઈના નવા રેલવે માર્ગો તૈયાર થઈ રહ્યા છે. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે મુંબઈમાં પત્રકાર પરિષદમાં વધુમાં જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રમાં અમૃત ભારત રેલવે સ્ટેશન યોજના હેઠળ 132 થી વધુ રેલવે સ્ટેશનોનું આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે.

બીજા એક પ્રશ્નના જવાબમાં રેલવે મંત્રીએ જણાવ્યું હતું કે, આગામી પાંચ વર્ષમાં મુંબઈની ઉપનગર રેલવે સેવામાં નોંધપાત્ર સુધારો જોવા મળશે.

# VAISHNAW PRESS DAY

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે લોકશાહીના જતનમાં પ્રસાર માધ્યમોની ભૂમિકા મહત્વની ગણાવી છે. આજે રાષ્ટ્રીય પ્રેસ ડે નિમિત્તે દિલ્હીમાં યોજાયેલા એક કાર્યક્રમમાં બોલતાં તેમણે કહ્યું કે, દેશની આઝાદીની લડતમાં અને કટોકટીના સમયગાળામાં ભારતના સમુહ પ્રસાર માધ્યમોએ નોંધપાત્ર કામગીરી કરી હતી.

તેમણે પેઇડ ન્યૂઝ એટલે કે આર્થિક બળના આધારે સમાચારો પ્રભાવિત કરવાને સમગ્ર સમાજ સામેનો મોટો પડકાર ગણાવ્યો હતો. મંત્રીએ જણાવ્યું હતું કે, લોકો પારંપારિક પ્રસાર માધ્યમોથી ડિજીટલ મીડિયા તરફ વળી રહ્યા છે. માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી એલ. મુરૂગને પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

# JHANSI-HOSPITAL FIRE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઉત્તર પ્રદેશના, ઝાંસી મેડિકલ કોલેજના (NICU)માં લાગેલી ભીષણ આગમાં 10 જેટલા બાળકોના મોત થયા એ અંગે ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે. તેમણે આ દુર્ઘટનામાં ઇજા પામેલા બાળકો ઝડપથી સાજા થાય તેવી પ્રાર્થના પણ કરી છે. ઉલ્લેખનીય છે કે, ઉત્તર પ્રદેશના, ઝાંસી મેડિકલ કોલેજમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગવાની માહિતી મળી હતી. હોસ્પિટલના અધિકારીઓના જણાવ્યા અનુસાર, એનઆઈસીયુ વોર્ડમાં 54 બાળકને દાખલ કરવામાં આવ્યા હતા.

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટનામાં  મૃત્યુ પામેલા પ્રત્યેક વ્યક્તિના સંબંધીઓ માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખ રૂપિયા તથા ઇજાગ્રસ્તોને પચાસ હજાર રૂપિયા સહાય જાહેર કરી છે. સોશિયલ મીડિયાના માધ્યયમથી  શ્રી મોદીએ શોકગ્રસ્ત પરિવારોને સાંત્વના પાઠવી હતી.

# PHILIPPINES- EVACUATED

મલેશિયાના હવામાન વિભાગે જણાવ્યું છે કે, મલેશિયા તરફ આગળ વધી રહેલું માન-યી નામનું વાવાઝોડું આજે મધરાતે અથવા આવતીકાલ સવાર સુધીમાં જમીન ઉપર પ્રવેશે તેવી સંભાવના વ્યક્ત કરી છે. વાવાઝોડાના કારણે લુઝોનના દરિયાઈ કિનારા વિસ્તારોમાં 10 ફૂટ ઊંચાઈના મોજા ઉછળે એવી સંભાવના છે તેમજ ભારે વરસાદ અને પુરની પરિસ્થિતિ ઉભી થઈ શકે છે.

સત્તાવાળાઓએ સંબંધિત વિસ્તારમાંથી ઘણા નાગરિકોને સલામત સ્થળે ખસેડ્યા છે. તેમજ ઘણા વિમાન ઉડ્ડયનો રદ કરવામાં આવ્યા છે.

# IMD-WEATHER

હવામાન વિભાગે કેરળ અને માહેના ઘણા વિસ્તારોમાં આજે વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરી છે. એવી જ રીતે પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને બિહારના ઘણા વિસ્તારોમાં આગામી બે દિવસ દરમિયાન ધુમ્મસની સ્થિતિ રહે તેવી શક્યતા છે.

પૂર્વ, મધ્ય અને વાયવ્ય ભારતના ઘણા વિસ્તારોમાં આગામી બે થી પાંચ દિવસમાં લઘુત્તમ તાપમાન બે થી ત્રણ ડિગ્રી ઘટે તેવી શક્યતા છે.

# FUR. EVE. HOCKEY

બિહારમાં ચાલી રહેલી મહિલા એશિયન હોકી સ્પર્ધામાં ભારતે આજે ચીનને 3-0 થી પરાજ્ય આપ્યો છે. આ વિજય સાથે ભારતે સ્પર્ધામાં મોખરાનું સ્થાન મેળવ્યું છે. ભારત તરફથી સંગીતા, સલીમા અને દીપીકાએ ગોલ નોંધાવ્યા હતા. સુકાની સલીમાને પ્લેયર ઓફ ધ મેચ પુરસ્કાર અપાયો છે.

સ્પર્ધાની અન્ય મેચોમાં જાપાને મલેશિયાને 2-1 થી જ્યારે કોરિયાએ થાઈલેન્ડને 4-0 ગોલ થી પરાજ્ય આપ્યા છે. આવતીકાલે સાંજે પોણા પાંચ વાગે રમાનારી મેચમાં ભારત અને જાપાન વચ્ચે મુકાબલો થશે.

# SQUASH

મલેશિયામાં યોજાઈ રહેલી એસ. એસ. મલેશિયા સ્ક્વૉશ કપ સ્પર્ધાની આજે રમાનારી સેમિ-ફાઈનલમાં ભારતના અભયસિંહ અને મલેશિયાના ઈયૈન યોવ નગ વચ્ચે મુકાબલો થશે. ગઈકાલે સાંજે ક્વાર્ટર ફાઈનલમાં અભય સિંહે ભારતનાં જ વેલાવન સેન્થિલ કુમારને ત્રણ એકથી પરાજય આપ્યો હતો.